વિચરતી-વિમુક્ત જાતિઓની યાદી બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૬/૬૨૦૯૮૧/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૧૧/૨૦૨૦

વંચાણે લીધા:

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૬૨૦૯૮૧/અ, તા.૨૪/૧૦/૨૦૧૭.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૦૬/૩૯૪/અ, તા.૦૬/૧૦/૨૦૦૬.

પ્રસ્તાવના:

વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવથી વિચરતી જાતિઓ (Nomadic Tribes) અને વિમુક્ત જાતિઓ (Denotified Tribes)ની અદ્યતન યાદીઓ જાહેર કરેલ છે. માન. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તા.૭/૧૧/૨૦૧૯ના રોજ યોજાયેલ "મોકળા મને" કાર્યક્રમ દરમ્યાન વિચરતી-વિમુક્ત જાતિઓની યાદીમાં પર્યાયવાચી શબ્દો ઉમેરવા માટે રજૂઆતો મળેલ હતી. જે અન્વયે વિચરતી-વિમુક્ત જાતિઓની યાદીમાં પર્યાયવાચી શબ્દો ઉમેરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:

૧. વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવથી જાહેર કરેલ વિચરતી જાતિઓ (પરિશિષ્ટ-ખ) ની યાદીમાં અનુક્રમ નં. ૧૦ ઉપર સમાવિષ્ટ "વાંસફોડા" જાતિના પર્યાય તરીકે "વાંઝાં" જાતિનો સમાવેશ કરવામાં આવે છે.

અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં અનુક્રમ નં. ૭૮-અ ઉપર સમાવિષ્ટ "વાંઝા (મૂળ સૌરાષ્ટ્રના વતની હોય)" તથા ભારત સરકાર હેઠળના અનામતના લાભની અન્ય પછાત વર્ગોની યાદીમાં અનુક્રમ નં. ૮૯

ઉપર સમાવિષ્ટ "વાંઝા (દરજી) દરજી/સઈ સુથાર" જાતિના અરજદારો વિચરતી-વિમુક્ત જાતિનું પ્રમાણપત્ર ન મેળવે તે અંગે સક્ષમ સત્તાધિકારીઓએ કાળજી રાખવાની રહેશે.

૨. "રાવળિયા" કે "રાવલિયા" શબ્દના બદલે "રાવળ" શબ્દનો પ્રયોગ કરવા અંગેની વંચાણે લીધેલ ક્રમાંક (૨)ના તા.૬/૧૦/૨૦૦૬ના ઠરાવની સુચનાઓ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં ક્રમ નં.૬૦-અ ઉપર સમાવિષ્ટ "રાવલિયા" તેમજ વિચરતી જાતિઓની યાદીમાં ક્રમાંક ૧૭ ઉપર સમાવિષ્ટ "રાવળીયા" જાતિ બાબતે પણ લાગુ કરવાની રહેશે.

૩. વિચરતી જાતિ અને વિમુક્ત જાતિનું પ્રમાણપત્ર સરળતાથી મળી રહે એ માટેની વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવથી સૂચનાઓનો પુનરોચ્ચાર કરવામાં આવે છે.

૪. અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં કે વિચરતી-વિમુક્ત જાતિની યાદીમાં કોઇ નવી જાતિનો ઉમેરો થતો નથી, પરંતુ હયાત યાદી પૈકીની જાતિઓને વિચરતી-વિમુક્ત જાતિના જાતિ પ્રમાણપત્રો મેળવવામાં મુશ્કેલી ન પડે (Hardship) તે હેતુથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,,ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.અ.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર-જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.

- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત વિભાગ સચિવાલય, ગાંધીનગર-જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ(તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (વિ.જા.) (નિયામકશ્રી,વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ ઉપર ઠરાવ અપલોડ કરવાની વિનંતી સહ.
- National Informatics Centre, બ્લૉક નં.૨/3 જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા/ના.સે.અ. સિલેક્ટ ફાઇલ